આજે ધોરણ-૧૦નું પરિણામ

જિલ્લાના ૩૦૭૧૭ વિદ્યાર્થીઓનું ભાવિ નક્કી થશે : વિદ્યાર્થીઓ-વાલીઓમાં ઉત્સુકતા પરિણામ સવારે બોર્ડની વેબસાઈટ પર મુકાશે

ગાંધીનગર, તા. ૧૨

માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૩માં લેવાયેલી ધો. ૧૦ની બોર્ડ પરીક્ષાનું આખરે આજે પરિણામ જાહેર થશે. પરીક્ષાનું પરિણામ સવારે ૧૧ વાગ્યા સુધીમાં બોર્ડની વેબસાઈટ પર મુકી દેવાશે. જિલ્લાના ૩૦૭૧૭ વિદ્યાર્થીઓનું ભાવી નક્કી થશે.

શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૩માં લેવાયેલી ધો. ૧૦ની બોર્ડ પરીક્ષાનું પરિણામ વિલંબમાં પડતા વિદ્યાર્થીઓ અને વાલીઓની મુંઝવણ વધી હતી. શિક્ષણ બોર્ડ કક્ષાએથી સૌ પ્રથમ ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર થયા બાદ પણ ધો. ૧૦ના પરિણામની તારીખ જાહેર ન થતા રીઝલ્ટનો મુદ્દો ચર્ચાના કેન્દ્ર સ્થાને રહ્યો હતો. આખરે ગત સપ્તાહ દમિયાન શિક્ષણ બોર્ડ દ્વારા ૧૩ જૂનના રોજ પરિણામ જાહેર કરવાની જાહેરાત થતા વિદ્યાર્થી અને વાલીઆલમમાં રાહત પ્રવર્તી હતી. ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધો. ૧૦ની પરીક્ષા સંદર્ભે જિલ્લાના ૨૬ કેન્દ્રો તેમજ ૭૪ બિલ્ડીંગોમાં કસોટીની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જિલ્લામાંથી બોર્ડ પરીક્ષા માટે ૩૦૭૧૭ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. પરીક્ષા દરમિયાન જિલ્લામાં એક પણ કોપી કેસ નોંધાયો ન હતો. પ્રારંભિક તબક્કે ધો. ૧૦નું પરિણામ જાહેર કરવામાં વિલંબ થયો હોવાનો જાહેરાત કરતા વાલીઓ અને વિદ્યાર્થીઓમાં રીઝલ્ટ પૂર્વે ભારે ઉત્સુકતા જોવા મળે છે. માધ્યમિક શિક્ષણ બોર્ડના સૂત્રોના જણાવ્યા મુજબ ૧૩મી મે સવારે ૧૧ વાગ્યા સુધી પરિણામ વેબસાઈટ પર મુકે દેવાશે. www.gseb.org તેમજ www.gipl.net પરથી પરિણામ મળી શકાશે. ગુરૂવારે પરિણામ જાહેર થયા બાદ ચાર દિવસના અંતે માર્કશીટનું વિતરણ કરવામાં આવશે.

પરિણામ બાદ સ્ટેમ્પ પેપર મેળવવા વાલીઓને હાલાકી

બોર્ડ પરિણામ બાદ સ્ટેમ્પ પેપરની જરૂરિયાત વિશેષ ઉભી થાય છે. ધો. ૧૨ના પરિણામ બાદ ઉચ્ચ અભ્યાસ માટે આવક તેમજ ઉચિત વર્ગના દાખલા આનુસંગિક પછી સ્ટેમ્પ પેપરની અનિવાર્યતા હોય છે. ધો. ૧૦નું પરિણામ આજે જાહેર થનાર છે. ત્યારે વિદ્યાર્થીઓ અને વાલીઓએ હાલાકી ભોગવવી ન પડે તે માટે જી.એલ. નાગરા નામના વ્યક્તિને પોતાના જાત અનુભવ બાદ નાગરિકોની સહાયતા માટે શહેરના સ્ટેમ્પ વેન્ડરોની યાદી તૈયાર કરી છે. જેથી સ્ટેમ્પ મેળવવામાં નાગરિકોને સરળતા રહે.

જિલ્લામાં શાળા પ્રવેશોત્સવનો આજથી આરંભ
મુખ્યમંત્રીના રૂટની ત્રણેય પ્રાથમિક શાળાઓ શતાબ્દી કરતાં પણ પુરાણી

સ્પોર્ટસ સ્કુલ અંગેની જાહેરાત થાય તેવા નિર્દેશો
દહેગામની એક શાળા અંગ્રેજી માધ્યમની ઘોષિત કરાશે

ગાંધીનગર, તા. ૧૨

રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી જે ત્રણ શાળાઓના પ્રવેશોત્સવમાં હાજરી આપનાર છે તે ત્રણેય પ્રા. શાળાઓ ૧૦૦ વર્ષથી પણ વધુ વર્ષ પૂર્વે સ્થપાયેલી છે જો કે આ ત્રણેય ગામમાં ૪૦ ટકાથી વધુ સ્ત્રીઓ સાક્ષર નથી. આજથી જિલ્લામાં ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ થઈ રહ્યો છે. જિલ્લાની ૨૦૦ પ્રા. શાળા પ્રથમ દિવસે આવરી લેવામાં આવશે.

મુખ્યમંત્રીશ્રી મોદી જિલ્લામાં શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવી રહ્યા હોવાથી સમગ્ર જિલ્લાનું તંત્ર દહેગામમાં વ્યસ્ત બન્યું છે.

શાળા પ્રવેશોત્સવના પ્રથમ દિવસે જ દહેગામ તાલુકાની એક પ્રા. શાળાને અંગ્રેજી માધ્યમની પ્રા. શાળા જાહેર કરવા અંગેની કવાયત પણ તંત્રએ આજે આખો દિવસ કરી છે. મળતી વિગતો મુજબ આ અંગે શાળાની પસંદગી થઈ ચુકી છે. ગ્રીનસ્કુલ, સ્માર્ટ સ્કુલ પછી જિલ્લામાં બે સ્પોર્ટસ સ્કુલની દરખાસ્ત અંગે પણ આજે વિધિવત્ ઘોષણા મુખ્યમંત્રીશ્રી દ્વારા કરવામાં આવે તેવી શક્યતાઓ છે. આજથી આરંભાઈ રહેલ આ શાળા પ્રવેશોત્સવમાં ૧૦૦ વર્ષથી વધુ જુની શાળાઓ હોય તેને ખાસ સુશોભિત કરી ઉજવણી કરવામાં આવે તેવી સુચના પણ તંત્ર દ્વારા જારી કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે લિહોડાની પ્રા. શાળા ૧૯૦૭માં સ્થપાઈ હતી. વર્ધાના મુવાડાની પ્રા. શાળા ૧૮૮૭માં અને નાંદોલ પ્રા. શાળા ૧૮૯૩ માં સ્થપાઈ હતી. આમ જિલ્લામાં પ્રા. શિક્ષણના મૂળિયા ઊંડા છે.

સેક્ટર-૫માં ક્રિકેટ રમી રહેલા યુવાનને ઉલ્ટી થઈ ને મોતને ભેટ્યો

સેક્ટર-૪નો યુવાન મિત્રો સાથે સે. ૫-બીના મેદાનમાં ક્રિકેટ રમી રહ્યો હતો : પોસ્ટમોર્ટમના રીપોર્ટ બાદ મૃત્યુનું કારણ બહાર આવશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરના સેક્ટર-૪માં રહેતા ૨૬ વર્ષિય યુવાનનું આજે રહસ્યમય સંજોગોમાં મૃત્યુ નિપજ્યું છે. સેક્ટર-૫-બી ખાતેના મેદાનમાં મિત્રો ક્રિકેટ મેચ રમી રહ્યા હતા ત્યારે એકાએક યુવાનને ઉલ્ટી થઈ અને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યો હતો. જો કે મૃત્યુનું સાચુ કારણ પોસ્ટમોર્ટમના રિપોર્ટ બાદ બહાર આવશે. સેક્ટર-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી યુવાનનો મૃતદેહ પી.એમ. કરાવી પી.એસ.આઈ. એ.કે. ભરવાડે તપાસનો દૌર શરૂ કર્યો છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગાંધીનગર શહેરનાં સેક્ટર-૪-બી પ્લોટ નં. ૧૧૩૦/૨માં રહેતા ૨૬ વર્ષીય યુવાન સુનિલસિંહ પ્રવિણસિંહ વાઘેલા તેના મિત્રો સાથે સેક્ટર-૫-બીના મેદાનમાં મસ્જીદની સામે ક્રિકેટ મેચ રમી રહ્યો હતો. અચાનક તેને ઉલ્ટીઓ શરૂ થઈ ગઈ અને છાતીમાં દુઃખાવો શરૂ થઈ ગયો હતો. તાત્કાલિક તેને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જો કે સારવાર દરમ્યાન તેનું પ્રાણપંખેરૂ ઉડી જવા પામ્યું હતું. યુવાનનો મૃતદેહ પોસ્ટ મોર્ટમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને સે. ૭ પોલીસે તપાસ શરૂ કરી છે. મૃત્યુનું સાચુ કારણ પોસ્ટમોર્ટમના રીપોર્ટ બાદ બહાર આવશે.

નવા શૈક્ષણિક સત્રનો કાર્યક્રમ જાહેર

વર્ષ દરમિયાન કુલ ૧૧૮ રજાઓ રહેશે : ૨૪૬ કાર્ય દિવસ સાથે વિસ્તૃત કાર્યક્રમ જાહેર : શૈક્ષણિક કાર્યક્રમ જાહેર કરાતા આખરે ચિત્ર સંપૂર્ણપણે સ્પષ્ટ થયુ

ગાંધીનગર, તા.૧૨

૩૫ દિવસનાં લાંબા ઉનાળુ વેકેશન બાદ સોમવારથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો છે. શાળાઓ ખુલવાના શરૂઆતના દિવસોમાં વિદ્યાર્થીઓ પુસ્તકો, યુનિફોર્મ ખરીદવામાં વ્યસ્ત બન્યા છે ત્યારે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓને આ વર્ષના શૈક્ષણિક કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે જે મુજબ વર્ષ દરમિયાન ૨૪૬ દિવસ શૈક્ષણિક કાર્યનો રહેશે જ્યારે ૧૧૮ દિવસ જાહેર રજાઓ અને વેકેશનના રહેશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્યમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ ચૂક્યો છે ત્યારે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નવા વર્ષના કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે જે મુજબ નવા શૈક્ષણિક વર્ષમાં ૨૪૬ દિવસ શૈક્ષણિક કાર્ય ચાલશે જ્યારે ૧૧૮ દિવસ શાળાઓમાં જાહેર રજાઓ અને વેકેશન સહીતની રજાઓ રહેશે. વર્ષ દરમિયાન શાળાઓ ઉપર સૌથી વધારે કાર્યબોજ જુલાઈ મહીનામાં રહેશે કારણ કે જુલાઈ માસમાં ૨૭ દિવસ શૈક્ષણિક કાર્ય ચાલશે જ્યારે અન્ય મહિનાઓ દરમિયાન સરેરાશ ૨૨ થી ૨૫ દિવસ શૈક્ષણિક કાર્ય ચાલશે. જ્યારે મે-૨૦૧૪માં માત્ર બે દિવસ જ શિક્ષણ કાર્ય ચાલશે. વર્ષ ૨૦૧૩-૧૪ના નવા શૈક્ષણિક વર્ષમાં શાળાઓમાં પ્રથમ સત્ર ૧૧૬ દિવસ જ્યારે દ્વિતીય સત્ર ૧૩૦ દિવસનું રહેશે જ્યારે ૧૧૮ દિવસ રજાઓ રહેશે જેમાં ૨૧ દિવસનું દિવાળી વેકેશન, ૩૫ દિવસનું વેકેશન, ૧૮ દિવસ જાહેર રજાઓ, ૬ દિવસ આકસ્મિક તથા સ્થાનિક રજાઓ અને ૪૪ રવિવારની રજાઓનો સમાવેશ થાય છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ધોરણ-૧૧-૧૨ સામાન્ય પ્રવાહ અને ધોરણ-૯-૧૦ સેમેસ્ટર એકની પ્રથમ કસોટીનો ૨૫ સપ્ટેમ્બરથી પ્રારંભ થશે. ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૧ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૩ની પાયોનિક પરીક્ષા પણ ૨૫ સપ્ટેમ્બરથી શરૂ થશે. જ્યારે લેખીત પરીક્ષાનો પ્રારંભ ૨૩મી ઓક્ટોબરથી થશે જ્યારે ધોરણ-૧૦, ધોરણ-૧૨ ચોથા સેમેસ્ટર સહિતની બોર્ડની પરીક્ષા ૧૩ માર્ચથી શરૂ થશે જ્યારે શાળાકીય વાર્ષિક પરીક્ષાનો પ્રારંભ ૭મી એપ્રિલથી થશે.

શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪

પ્રથમ સત્ર	-	૧૦ જૂનથી ૩૧ ઓક્ટોમ્બર
દિવાળી વેકેશન	-	૧લી નવેમ્બરથી ૨૧ નવેમ્બર
દ્વિતીય સત્ર	-	૨૨ નવેમ્બરથી ૪થી મે
ઉનાળુ વેકેશન	-	૮મે થી ૮મી જૂન

વર્ષો જૂની ગટર લાઈનના મેનહોલ શોધવા મેટલ ડીટેકટર ખરીદાયું

માટી અને કચરાના ઢગ નીચે દટાયેલી લાઈન તરત શોધી શકાશે : ફરિયાદોનું ત્વરિત નિવારણ આવશે

ગાંધીનગર, તા.૧૨

શહેરના સેકટરોમાં કેટલાક ઠેકાણે ગટરલાઈનના મેઈનહોલ ઉપર કચરા માટીના ઢગ ખડકાયા ઉપરાંત ડામર પથરાઈ જતા તંત્ર માટે ફરિયાદો નિવારવાનું મુશ્કેલ બન્યું હતું. જયારે મેઈનહોલ શોધવા હવે પાટનગર યોજના વિભાગે મેઈન ડીટેકટર (ડીપ માઈન) ખરીદ્યું છે. જેના આધારે ૩ ફૂટ ઉંડે સ્થિત મેન હોલ પણ સરળતાથી શોધી શકાશે.

શહેરમાં છેલ્લા ત્રણ મહીનાથી સેકટરોમાં ગટરો ઉભરાવવાની સમસ્યાઓ તંત્ર માટે પણ શિરદર્દ સમાન બની છે. શહેરની વસતી અને વિકાસ મુજબ ઉપયોગની દૃષ્ટિએ ગટરલાઈનની ક્ષમતા પૂરતી ન હોવાથી પણ અનેક પ્રશ્નો ઉદભવ્યા છે. આવા સંજોગોમાં નવા મેન હોલ બનાવા પણ તંત્રકક્ષાએ વિચારણા હાથ ધરવામાં આવી છે. જયારે નવા જેટીંગ મશીનની પણ ખરીદી કરવામાં આવી છે. શહેરના સેકટરોમાં ગટરોનું દૂષિત પાણી ઉભરાતું હોવાની ફરિયાદો વધી છે ત્યારે અપૂરતા સાધનો અને મેનપાવર વચ્ચે તંત્રએ કામ કરવાનું મુશ્કેલ બન્યું છે જયારે સેકટરોમાં કચરા અને માટીના ઢગ નીચે દબાયેલી ગટરલાઈન શોધવામાં પણ તંત્રના માણસોએ હાલાકી ભોગવવી પડે છે. આવા સંજોગોમાં વર્ષો જૂની ગટરલાઈનનો ખ્યાલ આવતો નથી. આ સ્થિતિને ધ્યાને લઈ સ્થાનિક રહીશોની ફરિયાદ નિવારવા તંત્ર દ્વારા મેટલ ડીટેકટર (ડીપ માઈન) ખરીદવામાં આવ્યું છે. રૂ. ૧.૨૫ લાખના ખર્ચે વસાવાયેલા નવા મેટલ ડીટેકટરના આધારે સેકટરોમાં ગટરલાઈનની ફરિયાદોનું ઝડપથી નિરાકરણ આવશે. નવા મેટલ ડીટેકટરના આધારે ફરિયાદો નિવારવાનું કામ શરૂ પણ કરી દેવાયું છે.

વડીલોને વંદન અભિનંદન

શશીકાન્ત કાન્તીલાલ શાહ
(૧૯૫૨) ૨૩૨૨૬૦૨૩

હજયાત્રીઓ જોગ

હજ કમિટિ ઓફ અન્ડીયા મુંબઈની સુચના અનુસાર હજ-૨૦૧૩ માટે ગુજરાત રાજ્ય હજ સમિતિમાં જે અરજદારોએ અરજી કરેલ હોય, જેમાં જે અરજદારોનું પ્રોવિઝનલ સિલેક્શન (સફળ ઉમેદવાર) થયેલ હોય તેમજ અરજીમાં જેમણે મકાન માટે ગ્રીન કેટેગરીનું ઓપ્શન (વિકલ્પ) આપેલ હોય તેઓશ્રી જો અજીજીયા કેટેગરીમાં જવા માંગતો હોય તેમણે ગ્રીન કેટેગરીમાંથી અજીજીયા કેટેગરી માટે તાત્કાલિક ૧૪-૬-૧૩ સુધીમાં હજ કમિટિ ઓફ ઈન્ડીયા, મુંબઈ ને બારોબાર અરજી કરવા જણાવવામાં આવે છે. હાલ ગ્રીન કેટેગરીના મકાનોની અછત હોઈ, ઉક્ત નિર્ણય લેવામાં આવેલ છે.

કેનાલનાં પાણીમાં ઝંપલાવીને બે યુવાનોએ જીંદગી ગુમાવી

અંબાપુરના યુવાને અડાલજ કેનાલમાં આપઘાત કર્યો : કરાઈ કેનાલમાંથી મળેલા યુવાનન મૃતદેહની હજુ ઓળખ થઈ શકી નથી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીકથી પસાર થતી નર્મદા કેનાલના પાણીમાં વધુ બે યુવાનોએ પડતુ મુકીને જીવન ટુંકાવી દીધું છે. બે દિવસ પહેલા રાત્રે ૧૨ વાગે ઘરેથી ભાગી ગયેલા અંબાપુરનાં ૨૨ વર્ષીય યુવાનનો મૃતદેહ આજે સવારે અડાલજ નર્મદા કેનાલમાંથી મળ્યો હતો. આજે સવારે એક અજાણ્યા યુવાનનો કોહવાઈ ગયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. અડાલજ અને ડભોડા પોલીસે અકસ્માત મોતના ગુનાને આધારે તપાસ આરંભી છે.

અંબાપુર ગામમાં રહેતા ૨૨ વર્ષીય મહેશસિંગ રમેશસિંગ ચૌહાણ છુટક મજુરી કામ કરતો હતો. બે દિવસ અગાઉ રાત્રે ૧૨ વાગ્યાં અરસામાં ઘરેથી ચાલ્યો ગયો હતો. પરિવારજનોએ શોધખોળ શરુ કરી તે છતાં મહેશસિંગનો પત્તો લાગ્યો ન હતો. દરમયાન આજે સવારે અડાલજ નર્મદા કેનાલમાંથી મહેશસિંગનો મૃતદેહ મળી આવતા પોલીસને જાણ કરી બોલાવી લેવામાં આવી હતી. અડાલજ પોલીસ મથકના ભીખુભાઈએ મૃતદેહ પીએમ કરાવી અકસ્માત મોતનો ગુનો નોંધી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે તો બીજી તરફ આજે સવારના અરસામાં કરાઈ નર્મદા કેનાલના પાણીમાંથી આશરે ૩૦ થી ૩૫ વર્ષની ઉંમરના એક અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. ડભોડા પોલીસ સ્ટેશનના એએસઆઈ શાહરભાઈએ મૃતદેહ બહાર કઢાવી તપાસ શરુ કરી હતી. ચારેક દિવસથી લાશ કેનાલમાં પડી રહી હોય તેવું વિકૃત થઈ ગયેલી લાશ પરથી અનુમાન લગાવ્યું છે. મૃતદેહ કોહવાઈ ગયેલી હાલતમાં હોવાથી હજુ સુધી ઓળખ પણ થઈ શકી નથી. તેના શરીરે સફેદ શર્ટ અને રાખોડી પેન્ટ પહેરેલું છે. ડભોડા પોલીસ તેના વાલીવારસની શોધખોળ માટે તજવીજ શરુ કરી છે.

ભેંસોને બેરહેમીપૂર્વક ખીચોખીચ ભરીને જતી બે ટ્રકો ઝડપાઈ

ગાંધીનગર, તા.૧૨

ભરૂચથી મહેસાણા તરફ વગર પાસ પરમીટે ભેંસોને બરેહમીપૂર્વક બે ટ્રકોમાં ખીચોખીચ ભરીને લઈ જવાતી હતી. અડાલજ નજીક આવેલા જમયીતપુરા પાસે હાઈવે પરથી અડાલજ પોલીસે બંને ટ્રકોને ઝડપી પાડીને ત્રણ શખ્સોની ૭૨ હજારની ભેંસો તથા ૮ લાખની બેટ્રકો મળીને રૂ. ૮.૭૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ઢોરોને પાંજરાપોળ મોકલી આપ્યા છે. ભેંસો કોને ત્યાં અને કેમ લઈ જવાતી હતી તે સહિતની વિગતો બહાર લાવવા અડાલજ પોલીસ મથકના જમાદાર ભીખાભાઈએ તપાસ શરુ કરી છે.

અડાલજ નજીકના જમીયતપુરા હાઈવે પરથી અડાલજ પોલીસે ખીચોખીચ ભેંસો ભરીને મહેસાણા તરફ લઈ જવાતી બે ટ્રકો ઝડપી પાડી છે. બંને ટ્રકોમાં ૧૨-૧૨ ભેંસો ભરવામાં આવી હતી. ૨૪ નંગ ભેંસોને બરહેમીપૂર્વક લઈ જનાર પાટણના ગણેશજી કરશનજી માજીરાણા, મહેસાણાના જાવેદઅલી સાબીરઅલી સૈયદ અને વિજાપુરના રણજીત ભલાભાઈ રાવળ ત્રણેય શખ્સોની એનીમલ ક્રુએલ્ટી એકટ મુજબ ગુનો દાખલ કરીને ધરપકડ કરી લેવામાં આવી છે. ૭૨ હજારની ભેંસો તથા ૮ લાખની ટ્રકો કબ્જે લઈ ભેંસોને પાંજરાપોળ મોકલી આપવામાં આવી છે.

ત્રણેય શખ્સોની પૂછપરછ કરતાં ભેંસો ભરૂચ જિલ્લાના એક ગામેથી ભરીને મહેસાણા ખાતે લઈ જવાતી હતી. આ સંદર્ભે વધુ તપાસ ભીખાભાઈએ હાથ ધરી છે. ટ્રકોને અડાલજ પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ રણજીતસિંહ તથા રાજેન્દ્રસિંહ સહિતની ટીમે ઝડપી પાડી હતી.

અવસાન નોંધ

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૨ બી પ્લોટ નં. ૪૫૧/૨ ખાતે રહેતા મહેશભાઈ રતીલાલ શાહના ધર્મ પત્ની સ્વ. વર્ષાબેનનું દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૧ ઉમી જૂન ૨૦૧૩ ને ગુરૂવારના રોજ સવારે ૮.૩૦ થી ૧૦.૩૦ દરમિયાન તેમના નિવાસ સ્થાન નવરંગપુરા અમદાવાદ ખાતે રાખેલ છે.

ગાયત્રી પરિવારના ઉપક્રમે પાટોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર ગાયત્રી પરિવાર દ્વારા અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના આદ્યસ્થાપક પંડિત યુગ ઋષિ, યુગદ્રષ્ટા રામશર્મા આચાર્યજી વંદનીય માતાજીના સુક્ષ્મ આર્શીવાદથી ૧૯૯૬માં પ્રસ્થાપિત થયેલ ગાયત્રી શકિતપીઠ ગાંધીનગર ૧૭ વર્ષ 'શકિત સ્ત્રોત'ના પૂર્ણ કરી ૧૮માં વર્ષમાં પ્રવેશ સમયે ૧૭મો પાટોત્સવની ઉજવણી ગત રોજ ભવ્યતાથી ભવ્ય રીતે સંપન્ન થઈ હતી.

ગાયત્રી શકિત પીઠ દ્વારા ઉજવાયેલ સમારંભના પ્રમુખ પદે ગુજરાત ઈલેકટ્રીસીટી કંપની ગાંધીનગરના ચીફ એન્જીનીયર ઈશ્વરભાઈ પટેલ તેમજ અતિથી વિશેષ તરીકે ગુજરાત પબ્લિક સર્વિસ કમીશનના સભ્ય પ્રવીણભાઈ વધાસીયા અને કડી કેમ્પસના ડાયરેકટર ડૉ. સોમાભાઈ પટેલે ખાસ હાજરી આપી હતી. આ ઉપરાંત ધો-૧૨ સામાન્ય-વિજ્ઞાન પ્રવાહના ૭૦ જેટલા તેજસ્વી તારલાઓ અને તેમના વાલીઓ તેમજ ગાયત્રી પરિવારના ચેરમેન મનુભાઈ પટેલ તેમજ મેનેજીંગ ટ્રસ્ટી અશ્વિનભાઈના માર્ગદર્શન હેઠળ ઉજવણી હર્ષ ઉલ્લાસ સાથે સંપન્ન થઈ હતી.

દેના ગુજરાત ગ્રામીણ બેંકના ડાયરેક્ટર પદે સુર્યસિંહજી ડાભીની નિમણૂંક

ગાંધીનગર, તા. ૧૨

અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ અને યુ.પી.એ. સરકારના ચેરપર્સન શ્રીમતી સોનીયાજીની સૂચનાથી અને કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષના રાજકીય સલાહકાર શ્રી અહેમદભાઈ પટેલની ભલામણથી ભારત સરકારના નાણાં મંત્રાલય દ્વારા દેના ગુજરાત ગ્રામીણ બેંકના ડાયરેક્ટર પદે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના પ્રવક્તા-મહામંત્રી અને ગાંધીનગર તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખશ્રી સૂર્યસિંહજી ડાભીની નિમણૂંક કરી છે. તેવું અખબારી યાદીમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રીશ્રી નીશીત વ્યાસે જણાવ્યું છે.

સને ૧૯૮૭થી એન.એસ.યુ.આઈ. યુવક કોંગ્રેસ, કોંગ્રેસ સેવાદળ અને જિલ્લા કોંગ્રેસના વિવિધ હોદ્દાઓ થકી કોંગ્રેસ પક્ષમાં છેલ્લા ૨૫ વર્ષથી સક્રીય કામગીરી કરનાર શ્રી સુર્યસિંહજી ડાભી, વિનયન, શિક્ષણ અને કાયદાના સ્નાતક છે. પંચાયત સહકાર અને શિક્ષણ ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવનાર શ્રી ડાભી જિલ્લા કક્ષાની સામાજિક સંસ્થાઓ સાથે અગ્રેસર કામગીરી કરી રહ્યા છે. તેઓની રાજકીય ક્ષેત્રની સક્રીય કામગીરીને ધ્યાનમાં લઈને ગુજરાતના ગ્રામીણ બેંકીંગ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી થાય અને છેવાડાના માનવી સુધી બેંકીંગ સેવાનો લાભ મળે તે હેતુથી શ્રી ડાભીની નિમણૂંક કરવા બદલ શ્રી નીશીત વ્યાસે કોંગ્રેસ પ્રમુખ શ્રીમતી સોનીયા ગાંધી અને વરિષ્ઠ નેતા અહેમદભાઈ પટેલનો આભાર માની જણાવ્યું છે કે, છેલ્લા ૨૫ વર્ષથી સક્રીય અને સનિષ્ઠ કામગીરી કરવા બદલ શ્રી સુર્યસિંહજી ડાભીને પુરસ્કૃત કરીને યુવાનોને અને પક્ષના વફાદાર એવા પાયાના કાર્યકરોને નવી રાહ બતાવી છે.

ઉક્ત નિમણૂંકથી ગાંધીનગર જિલ્લા-શહેરના કોંગ્રેસના આગેવાનોએ સર્વશ્રી જશુભા રાણા, કાસમ બાપુ, ડૉ. સી.જે. ચાવડા, અશ્વિનભાઈ બારોટ, પૂર્વ પ્રમુખ શ્રીમતી મંગીબેન દીલીપભાઈ પટેલ, ઈન્ચાર્જ પ્રમુખ શ્રીમતી ભીખીબેન ભરતજી ઠાકોર, ધારાસભ્યો સર્વશ્રી બળદેવજી ઠાકોર, કામીનીબેન રાઠોડ, અમીતભાઈ ચૌધરી, શહેર પ્રમુખશ્રી મુકેશભાઈ પટેલ, ગાંધીનગર મનપા કોંગ્રેસ પક્ષના નેતા શ્રી ચીમનભાઈ વિંઝુડા, પૂર્વ ડે. મેયર યુસુફભાઈ પરમાર, પૂર્વ ચેરમેન શ્રી પ્રવિણભાઈ પટેલ, પ્રદેશ મંત્રી વિક્રમસિંહ ખાચર, ડૉ. હિમાંશુ પટેલ, પેથાપુર નગર પાલિકા પ્રમુખ શ્રી કનુસિંહ વાઘેલા, દહેગામ નગર પાલિકા પ્રમુખ શ્રી ભરતભાઈ રબારી વગેરેએ હાર્દિક શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા છે.

સ્વચ્છ બનાવવા તાકીદ...● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમના આ કામચલાઉ આવાસ વ્યવસ્થાના સ્થળે લાઈટ, ગટર અને પાણીના કનેક્શન પણ મેળવી લેવામાં આવે અને તે અંગેનો અહેવાલ સરકારને તાકીદે મોકલવા જણાવાયું છે. આ ઉપરાંત કોલેજ કેમ્પસ માટે અલાયદુ ફોગીંગ મશીન પણ ખરીદી લેવા જણાવાયું છે જેથી હોસ્ટેલ અને કોલેજમાં મચ્છરોની ઉત્પતિ જણાય તો તાત્કાલિક પગલાં લઈ શકાય.

આ બેઠકમાં કચેરીઓની છતની નિયમિત સફાઈ તેમજ ગંદકી ફેલાય નહિ તે માટે વિશેષ આગ્રહ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત સિવિલ કેમ્પસમાં પણ સ્વચ્છતા માટેના વાહકજન્ય રોગચાળા અંગેની જનજાગૃતિ વધે તે રીતે બેનરો અને પોસ્ટરો લગાવવા માટે પણ જણાવવામાં આવ્યું છે.

સિવિલમાં પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનિટ દ્વારા જે કામગીરી ચાલી રહી છે તે યુનિટને કોર્પોરેશન સત્તાવાળાઓએ ગયા વર્ષે નોટીસ પણ આપી હતી જે ઉલ્લેખનીય છે. સિવિલ હોસ્પિટલમાં જે ઝડપે કન્સ્ટ્રક્શનની કામગીરી ચાલી રહી છે તેને લઈ વારંવાર કેબલો તુટી જવાને કારણે વારંવાર ટેલિફોન મૂંગા થઈ જવાની ફરિયાદો પણ નિત્યક્રમ જેવી બની ગઈ છે.

ગાંધીનગર શહેરમાં પ્રથમજ વાર સરકારી હોસ્પિટલથી સ્વચ્છતા અભિયાન આરોગ્ય સત્તાવાળાઓ દ્વારા હાથ ધરવાના અપાયેલી કડક તાકીદને લઈ હવે શહેરમાં આ વખતે વાહકજન્ય રોગચાળા સામે તંત્ર દ્વારા આકરા પગલાં લેવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૩
સૂર્યાસ્ત : ૭.૧૫

તાપમાન

મહત્તમ : ૩૪.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૯ ટકા ● સાંજે ૬૨ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
યે જવાની હૈ દિવાની : ૮.૫૦, ૩.૨૦, ૬.૩૫, ૯.૫૦
યમલા પગલા દિવાના ૨ : ૧૨.૫
: સ્ક્રીન-૨ :
યમલા પગલા દિવાના ૨ : ૮.૫૦, ૩.૦૫, ૯.૩૫
યે જવાની હૈ દિવાની : ૧૧.૫૦
આફ્ટર અર્થ (હિન્દી) : ૬.૨૦
: સ્ક્રીન-૩ :
આફ્ટર અર્થ(હિન્દી) : ૧૦.૨૦, ૩.૦૫
ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૧૨.૩૫
યમલા પગલા દિવાના ૨ : ૫.૨૦ ● યે જવાની હૈ દિવાની : ૮.૩૫
: સ્ક્રીન-૪ :
યમલા પગલા દિવાના ૨ : ૯.૩૫, ૧૨.૫૦, ૭.૨૦
યે જવાની હૈ દિવાની : ૪.૦૫
આફ્ટર અર્થ(હિન્દી) : ૧૦.૩૫

સૂર્યા, વાવોલ

યમલા પગલા દિવાના ૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
રામદાસ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
યમલા પગલા દિવાના ૨ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
યે જવાની હૈ દિવાની : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
યમલા પગલા દિવાના ૨ : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
યે જવાની દીવાની : ૧.૦૦, ૭.૦૦

વિરાગ, કલોલ

યમલા પગલા દિવાના ૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩